**સ્પે.દિ.મુ.નં. ૧૨૨/૨૦૧૮**

**<u>આંક–૧ હેઠળ હુકમ:–</u>**

આ કામે વાદી ધ્વારા હાલનો દાવો તા.૨૨/૦૩/૨૦૧૮ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે વાદી ઘણાં લાંબા સમયથી હાજર રહેલ નથી. તેથી પ્રતિવાદી તરફે આંક–૧૪ થી તા. ૧૮/૦૭/૨૦૧૯ ના રોજ વાદી તથા વાદીના વિ.વકીલશ્રી આ કામે લાંબા સમયથી હાજર રહેતા ન હોય વાદીનો દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા અરજી આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ હાલના કામે વાદી ઘણાં લાંબા સમયથી હાજર રહેલ નથી કે કેસમાં આગળની કોઈ કાર્યવાહી પણ કરેલ નથી. વાદીને તેમની દાવા અરજીમાં જણાવેલ સરનામે નોટીસ પણ કાઢવામાં આવેલ છે. પરંતું તે નોટીસ પણ આજદીન સુધી પરત આવેલ નથી. આજરોજ પણ વારંવાર પોકાર કરતા વાદી હાજર નથી. આમ, આ કામે વાદી ઘણાં લાબાં સમયથી હાજર રહેતા નથી કે હાલના કેસની આગળની કાર્યવાહી કરવા હાજર રહેલ નથી. તે સંજોગોમાં વાદીને તેમનો કેસ ચલાવવામાં રસ હોવાનું જણાય આવતું નથી. તે સંજોગોમાં લાંબા સમય સુધી વાદીની ગેરહાજરી સબબ દાવો ચાલુ રાખવો યોગ્ય જણાતું ન હોય વાદીની બેદરકારી સબબ દાવો રદ કરવો ન્યાયના હિતમાં જણાંતું હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

વાદીનો દાવો વાદીની ગેરહાજરી સબબ રદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૩૦ મી જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૩૦/૦૧/૨૦૨૩<br>
અમદાવાદ.

(મહેમુદ ઉસ્માન કુરમાની)<br>
ત્રીજા એડી.સીનીચર સીવીલ જજ,<br>
અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર.<br>
(કોડ નં. જી.જે.૦૧૦૧૨)